નીચું સ્તર પ્રચારનું વ્યક્તિગત સરી પડશે!
ઉગલે ઝેર, વંશ સુધી, બાપ-દાદા તરી જશે!
કરીને છૂછી ફરી જશે, લોકો લડી મરી જશે -
મૂકે માજા ચારિત્ર્યની, કાનના કીડા ખરી જશે!

પડે તાબોટા,
બહુચર ભક્તના -
સુસ્વાગતમાં..

બધા પક્ષોનાં,
કોલસા દલાલીમાં
ચહેરા કાળા

હાઈકુ

ચિંતન

રૂપ યૌવન સંપન્ના વિશાલકુલં સંભવાઃ ।
વિદ્યાહીના ન શોભન્તે નિર્ગંધા ઇવ કિંશુકાઃ ॥

રૂપ અને યૌવનથી સંપન્ન હોય, અને ઉચ્ચ-મોટાં કુળમાં જન્મ હોય, તો પણ, ખાખરાના ફૂલ જેમ સુગંધ વિના શોભતાં નથી તેમ વિદ્યાહીન મનુષ્યો શોભતાં નથી.

વિદ્યા હોય તો જ સાચી સમજ-જ્ઞાન-વિનય-વિવેક આવે છે, વિદ્યાર્થી જીવનનો હેતુ-લક્ષ્ય સમજીને પાર પાડી શકાય છે. વિદ્યા વગરનો માણસ સ્વતંત્ર વિચારશક્તિ ધરાવતો નથી. વિદ્યા વગરના માણસને 'પશુ સમાન' કહેવામાં આવ્યો છે.

રૂપ અને યૌવન હોય પણ વિનય-વિવેક ન હોય તો રૂપ-સૌંદર્ય લજ્જિત થઇ જાય છે, યૌવનનું બળ-તાકાત હોય પણ એ શક્તિનો સદુપયોગ તો બુધ્ધિબળથી જ થઇ શકે એ બુધ્ધિ અને બળ પામવાને માટે 'વિદ્યા' જરૂરી છે.

ઉચ્ચકુળમાં જન્મ મળવાની કે ઉચ્ચ ગોત્ર-ધર્મમાં જન્મવા માત્રથી કોઇ વ્યક્તિ મહાન પંડિત કે વિદ્વાન થઇ જતી નથી. કુળના સંસ્કાર હોય તો વિદ્યા જલદી ચડે છે, પણ વિદ્યા માટે તપ તો કરવું જ પડે.

ટૂંકમાં, રૂપ-યૌવન-ઉચ્ચકુળ માત્રથી વ્યક્તિ 'પૂજ્ય' થઇ જતી નથી. વિદ્યા વિના આ બધું સુગંધ વિનાના ફૂલ જેવું છે.

સુવિચાર

- જ્ઞાની માટે 'જિંદગી' એક ઉત્સવ છે - એમર્સન
- જ્યાં સત્ય અને પ્રેમ છે ત્યાં પ્રભુનો નિવાસ છે - રેટીનોસ
- આપણને કૂતરૂં કરડે ત્યારે તેને સામે આપણે પણ કરડીએ, એવાં વર્તનને વેર વાળવાની વૃત્તિ સાથે સરખાવી શકાય - જોસ્ટિન એમેલી
- દૂરાચાર હંમેશાં સદાચારનો બૂરખો ઓઢીને જ આવતો હોય છે - એસ. ભટ્ટાચાર્ય
- એકાંતમાં તમારી ભાવનાઓ શુભ અને શાંત હોય ત્યારે જ તમે તમારું મૂલ્ય નક્કી કરી શકો - સ્વામી ચૈતન્ય
- જેણે ખૂબ જ મુશ્કેલીઓ વેઠી છે અને અનેક ભાષાઓના જ્ઞાતા જેવો થઇ જાય છે, તે બધાને સમજી શકે છે, બધા તેને સમજી શકે છે - રેસિસ્ટિન
- કોઇ પણ સદ્પ્રવૃત્તિ પ્રત્યે લાગેલી લગની એ જ મોટામાં મોટો પુરૂષાર્થ છે - ગાંધીજી

બોધ કથા

જે સાચા સંત હોય છે, સિધ્ધયોગી હોય છે એને માન-અપમાન, સભા-ભાષણ-ભીડ સાથે કોઇ જ સંબંધ હોતો નથી, ગુસ્સો-ધમકી-શ્રાપથી તો એ યોજનો દૂર હોય છે. 'આશારામ' ની જેમ 'ધમકીઓ' આપતા નથી.

હિમાલયમાં બાબા હૈડાખાની રહેતા હતા, તે સિધ્ધ યોગી હતા, છતાં સામાન્ય સાધુની જેમ ફરતાં હતા. લક્કર રસ્તાનું બાંધકામ કરતું હતું, એમાં આ તગડા સાધુને પણ મદદ-કામ કરવા લક્કરના એક અધિકારીએ કહ્યું, બાબા હૈડાખાની માથા પર એક મોટી પથ્થરની શિલા લઇને જતા હતા.

રસ્તામાં, પંડિત જવાલાદત્તની પાલકી મળી, હૈડખાની બરાબર તે જ વખતે ખૂબ ખડખડાટ હસ્યા, પંડિત જવાલાદત્તને એમ કે એ અલ્લડ સાધુ મારા પર હસ્યો!

તરત લક્કરના અધિકારીને બોલાવી એ સાધુને તંબૂમાં બોલાવ્યા. હસવાનું કારણ પૂછ્યું, સિધ્ધ યોગી બાબા કહે, બદરીનાથ મંદિરનો લટકતો ઘંટ તૂટી ગયો અને પંદરવીસ માણસોથી પણ એ ઊંચકાતો નથી એ જોઇ હું હસ્યો, મારું ધ્યાન તમારા પર હતું જ નહીં.

પંડિતે લક્કરના ટેલિગ્રામ દ્વારા ત્યારે જ તપાસ કરાવી, બાબાની વાત સાચી નીકળી, અને પંડિત જવાલાદત્ત બાબા હૈડખાનીના ચરણમાં પડ્યા માફી માંગી અને એમનાં શિષ્ય થઇ ગયા.

માનવ શક્તિ કેટલીક શોધો થકી છાતી કાઢવાનો ડોળ ભલે કરે, કુદરતની - અમાપ શક્તિઓનો સ્વીકાર કરીને જીવવું એ જ ખરૂં... બાકી કુદરતને આંબવાની વાતમાં સહેજ પણ માલ નથી

શ્રુતિ બંધનમ્
- ડો. ત્રિજ

નરેન્દ્રની યુવાની જ્ઞાન સાધનામાં વહેવા લાગી. પશ્ચિમનું તત્ત્વજ્ઞાન - વિજ્ઞાન - વેદ - વેદાંત અને અનુભૂતિઓમાં આત્મા ઘડાતો ચાલ્યો. એક અભ્યાસુ મર્મજ્ઞ અને પ્રચારક તરીકે વિકસી રહેલા નરેન્દ્રમાં આનંદ અને પ્રમોદ પણ એટલો જ ભરપૂર. વાર્તાશક્તિ, રમૂજવૃત્તિ અને આનંદી સ્વભાવે તેઓ કોલેજમાં જાણીતા, નિર્દોષ આનંદ પ્રસંગો ખડા કરવામાં તેમને ભારે આવડત. સાથે જીવનમાં અસ્પષ્ટતા ન આવવા દેવી, એ તેમની અંગત ટેવ. વિનોદ ભર્યા તોફાનો કરવાં છતાં અભ્યાસમાં પ્રગટતા પ્રશ્નોનું સમાધાન પણ તેટલી જ સહજતાએ કરતા હતા. બાળક જેવા નિર્દોષ હોવા છતાં સંગીત અને કલામાં પણ માહેર. અધ્યયનમાં પંડિત અને જીવનદૃષ્ટિ પ્રત્યે ફૂણી લાગણી ધરાવતા નરેન્દ્રનાથ અનોખા વ્યક્તિ છે. સ્વભાવમાં સહજતા - સરલતા અને શીખવામાં ગંભીરતાના પ્રતાપે જ તેમી સંનિષ્ઠા વેગ પકડે છે. અને આ ઇન્સાન આધ્યાત્મિક અનુભૂતિના કિનારે આવી પડે છે. પ્રચંડ બુધ્ધિશક્તિ તેમને માનવ હૃદયને સમજવા પૂરતી હતી. ત્યાગની તો મૂર્તિ, જીવ-જગત પ્રત્યેનો અનુરાગ જાગે છે. આમ જ એક માનવ મહામાનવ બનવા તરફ પ્રયાણ આદરે છે.

બ્રહ્મ સમાજની રીતે નિરાકાર સગુણ ઇશ્વરનું ધ્યાન કરતા હતા. એ સમયે તેમનાં દિમાગમાં મૂર્તિપૂજાનું શાસ્ત્ર બેઠું ન હતું. રામકૃષ્ણદેવના સંપર્ક પૂર્વે સ્વામીજી જ્ઞાન અર્જિત કરવાનું કર્મ બજાવતા પરંતુ ઇશ્વરશક્તિ તેમને આકર્ષી રહી હતી... પોતાના તરફ. કંઇક એવા કાર્યનાં નિમિત્ત માટે કે ભારતવર્ષની માનવીય સંસ્કૃતિનો વિશ્વમાં લહેરાય થાય. ભારતના પ્રવાસે લાખો સહેલાણીઓ આવે છે. આજે પણ ભારતીય સંસ્કૃતિથી અંજાઇ અહીં જ રહી જાય તેવા દાખલાઓ પણ જોવા મળે છે. આ પરિસ્થિતિના મૂળમાં સ્વામીજીના પ્રયત્નો છે. હિન્દુ સંસ્કૃતિ સર્વનો સ્વીકાર કરીને વિકસી રહેવામાં માને છે. બીજાનો સ્વીકાર અને તેના પ્રત્યે સંવેદનાપૂર્ણ વ્યવહાર આપણો મંત્ર રહ્યો છે. કદાચ અન્ય સંસ્કૃતિ આ જ ગુણનો ઉપયોગ અને દુરપયોગ કરતી રહી છે. ખેર, સ્વામીજીના કાર્ય અને જીવનની ઝાંખી કરવાનો જ મારો પ્રયત્ન છે. એક મામસ તપે છે, સૃષ્ટિના માનવમાત્ર પ્રત્યેની સંવેદના જગાડવાના કર્મમાં પોતાનું સર્વસ્વ હોમે છે.

નરેન્દ્રનાથ શ્રી રામકૃષ્ણને મળ્યા ત્યારે એમને થયું કે શાંતિનું કોઇ ધામ મને પ્રાપ્ત થયું છે અને હવે તમામ મથામણોનો અંત આવશે. તેમ છતાં નરેન્દ્રનાથે ગુરૂજીનો સંપૂર્ણ સ્વીકાર કર્યો તે પહેલાં બૌધિક વિરોધ એ તેમનું અમોઘ શસ્ત્ર રહ્યું છે. સમય જતાં કુદરતી નિર્મિતિ આખરી પડાવ તરફ આવે છે... નરેન્દ્રનાથનો વિરોધ સંપૂર્ણ, શરણાગતિમાં લય પામ્યો. પિતા : વિશ્વાથ દત્તને સ્વામીજી (નરેન્દ્ર) તેજસ્વી ધારાશાસ્ત્રી બને તેવી ઇચ્છા હતી. પુત્રને હોંશથી પરણાવવાની પણ ઇચ્છા હતી. પરંતુ રામકૃષ્ણ દેશનાં પ્રીતિભાજન થવાને જન્મ્યો નથી પરંતુ અનેક વ્યક્તિઓને તારવા માટે જન્મ્યો છે. નરેન્દ્રનાથનાં મુખે પણ ક્યારેક સંન્યાસી જીવનની વાત કહેવાતી હતી. એક મિત્રે તેમને ફરિયાદ કરતાં કહ્યું કે : 'નરેન, તારામાં જો કાંઇ બુધ્ધિ રહી હોય તો દક્ષિણેશ્વર જવાનું બંધ કર. એનાથી તારો અભ્યાસ બગડે છે, તારું ભાવિ નષ્ટ થઇ જશે. તું પ્રતિભાસંપન્ન યુવક છે. તું તારા કાર્યમાં મન પરોવ તો ઘારે તે મેળવીશ.' નરેન્દ્રનાથે અત્યંત ગંભીરતાથી જવાબ આપ્યો, 'તમે ખરેખર સમજતા નથી. હું પણ કંઇ સમજતો નથી. પરંતુ એ વૃધ્ધ સંત પ્રત્યે મને ખરેખરો ભાવ પ્રગટે છે. એટલે કે નરેન્દ્રનું સંન્યાસી બનવા તરફનું ખેંચાણ સહજ રીતે પ્રગટી રહ્યું હતું. એ સંજોગ માટે કોણ જવાબદાર છે તે કહેવું દુષ્કર છે. રામકૃષ્ણદેવનાં અવતરણ નરેન્દ્ર માટે હતું કે રામકૃષ્ણના કામને આગળ વધારવા નરેન્દ્રનાથનું અવતરણ હતું એ બાબત અપ્રસ્તુત રહે છે. કુદરત કેટલાક તાગ પામવા દેતી નથી. કુદરતની લીલાઓને પરાસ્ત કરવાનું સંભવ નથી. માનવ શક્તિ કેટલીક શોધો થકી છાતી કાઢવાનો ડોળ ભલે કરે. કુદરતની - અમાપ શક્તિઓનો સ્વીકાર કરીને જીવવું એ જ ખરૂં... બાકી કુદરતને આંબવાની વાતમાં સહેજ પણ માલ નથી.'

નરેન્દ્રનાથની બળવાખોર બુધ્ધિ અને સંશયાત્મક ચિત્ત વચ્ચે પણ ગુરૂજીના શબ્દોમાં વિશ્વાસ પ્રગટવા લાગે છે. અને એ શબ્દો પણ કેવા હૃદયમાં ખૂબી જનરા હતા... 'હે પ્રભુ! હું તને જાણતો નથી. તારું ખરૂં સ્વરૂપ મારી સમક્ષ પ્રગટ કરવાની કૃપા કર' ગુરૂજી આગળ કહે છે : 'જો તારી પ્રાર્થના હૃદયપૂર્વકની હશે તો એણે તારી વાત સાંભળવી જ પડશે.' આ શબ્દો નરેન્દ્રનાથને ખરેખરા ઉત્સાહીત કરે છે અને આધ્યાત્મિક સાધના તરફ વળવામાં મદદરૂપ બને છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસક નરેન્દ્રનાથ સમજે છે, શાતા મેળવે છે. હેમિલ્ટન નામના વિચારકના વિચાર... 'જગતનો નિયામક કોઇ ઇશ્વર છે એ સત્યનો કેવળ ઇશારો જ મનુષ્ય બુધ્ધિ આપી શકે...' ને અનુમોદન મળે છે. ઇશ્વરનું જ્ઞાન તત્ત્વજ્ઞાનથીય ચડિયાતું છે. ઇશ્વરની અનુભૂતિ અનહદ શાંતિ અને ચિત્તને મંગલ કરનારી છે.

નરેન્દ્રનાથ જીવનમાં ખરેખરી પ્રાપ્તિના માર્ગે વળે છે. અંતરના ઊંડાણેથી ઇશ્વર તરફનું મમત્વ પ્રગટ કરતી પ્રાર્થના આરંભે છે. "હે પ્રભુ! કૃપા કર મને તારૂં સ્વરૂપ દેખાડ." આવી અલૌકિક પ્રાર્થનાઓ થકી તેઓ અવર્ણીય શક્તિનો - શાંતિનો અનુભવ કરે છે. બુધ્ધિના બળવા શાંત બને છે. ચિત્તની એકાગ્રતા વધે છે. સમય જતાં ઉચ્ચત્તમ અનુભૂતિઓની વચ્ચે આવી પડે છે. બૌધ્ધિક સંઘર્ષ કરતા નરેન્દ્રનાથ ગુરૂજીની બાબતમાં શ્રધ્ધેય બનતા જાય છે. શ્રી રામકૃષ્ણ દેવ એક શાંતિના ઘાસ સ્વરૂપ તેમને લાગે છે. તેમની અનેક મથામણો પરાસ્ત થતી અનુભવતા નરેન્દ્રનાથનું હૃદય પલટાય છે... એ ગુરૂજીનું રહસ્ય કે ઇશ્વરનું રહસ્ય કે સ્વયં નરેન્દ્રનાથના ભાગ્યનું રહસ્ય...?!

દોસ્તો, જીવન જ રહસ્ય છે, તેને સમજવાની કડાકૂટમાં પડ્યા વગર ઇશ્વરને હવાલે કરી દેવામાં અદ્ભૂત શાંતિ છે. આપણે આપણી ચિંતા ક્યાં સુધી કરીએ? આપણે આપણાં સંતાનોની ચિંતાથી શું ઉકાળીએ છીએ? આપણને આ સંસારમાં જે પ્રાપ્તિ થાય છે એ શું આપણા જ બળે મળે છે? ના દોસ્તો, ઇશ્વરની અનંત કૃપાની એ તો પ્રસાદી છે...! નરેન્દ્રનાથનું આખું જીવતર પ્રસાદીરૂપ બની રહ્યું હતું. સંસારમાં અજબની ક્રાંતિ જગાડનારી પ્રસાદી...! આજ લગી વિશ્વ એ ગુરૂ-શિષ્યની આધ્યાત્મ અને જ્ઞાન પ્રસાદીતા સ્વાદને પામવા મથે છે એ સામાન્ય ઘટના નથી...! ઇશ્વર આ ઘટના સમજવા પૂરતી બુધ્ધિ આપે તો'ય ઘણું...! તેમના ચિતરેલા આધ્યાત્મ રાહે સંચરણ કરાવે તો મહ્દકૃપા...!!

સ્વીટ રેઝન :

શાસ્ત્ર, ગુરૂ અને માતૃભૂમિ... એ જ ત્રણે સૂર એકઠા મળીને રચાયું છે. વિવેકાનંદનું મહાન સૂર સંગીત આ જ રત્નો તેઓ વહેંચી રહ્યા છે. એમાંથી જ એમણે જડીબુઢ્ઢી તૈયાર કરી છે. એ જડીબુઢ્ઢી - ઔષધીનું નામ આધ્યાત્મિક કરૂણા.

- ભગિની નિવેદિતા

સ્વામી વિવેકાનંજી વિશેષ

લંડનનાં 'ઇન્ડિયા હાઉસ' સાથે કોનું નામ નથી જોડાયેલું?

વિષય : ભારતનો ઇતિહાસ

(૧) 'વહાબી' આંદોલનના ભારતનાં નેતા કોણ હતા?
(અ) સૈયદ અહમદ બ્રેલવી (બ) સૈયદ અહમદ
(ક) મૌલાના અહમદ અલી (ડ) મિ. ઝિન્ના
(૨) ઔરંગઝેબની ધાર્મિક નીતિ કેવી હતી?
(અ) અકબર જેવી ઉદારનીતિ (બ) શેહશાહ જેવી સહિષ્ણુનીતિ
(ક) શિયા-શુન્ની વિરોધીનીતિ (ડ) કટ્ટર હિન્દુ વિરોધીનીતિ
(૩) લંડનનાં 'ઇન્ડિયા હાઉસ' સાથે કોનું નામ નથી જોડાયેલું?
(અ) મદનલાલ ઢીંગરા (બ) સાવરકર
(ક) શ્યામજીકૃષ્ણ વર્મા (ડ) ગાંધીજી
(૪) સમાચાર પત્રોના સ્વાતંત્ર્ય પર કોના સમયમાં કાપ મૂક્યો હતો?
(અ) લોર્ડ હેસ્ટીંગ (બ) ડેલહાઉસી
(ક) વેલેસ્લી (ડ) લોર્ડ લિટ્ટલ
(૫) 'રાષ્ટ્રીય મહાસભા' ના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?
(અ) શ્રી હ્યુમ (બ) વેડર બર્ન
(ક) હેનરી કૉટન (ડ) ફિરોઝ મહેતા
(૬) 'સાયમન કમિશન' નો વિરોધ કરતા કયા નેતાનું મૃત્યુ થયું હતું?
(અ) ગોવિંદ વલ્લભપંત (બ) ડૉ. અન્સારી
(ક) સરોજિની નાયડુ (ડ) લાલા લજપતરાય
(૭) ફઝલ ફૈઝી કોના દરબારમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતા?
(અ) શેરશાહ (બ) અકબર
(ક) શાહજહાં (ડ) જહાંગીર
(૮) વિજયનગર મહારાજયની સ્થાપના કોણે કરી હતી?
(અ) હરિહર (બ) બુક્કા
(ક) સાયણાચાર્ય (ડ) હરિહર - બુક્કા બે બાઇઓએ
(૯) કયા યુધ્ધના પરાજયે હુમાયુને પંદર વર્ષનો દેશવટો આપ્યો?
(અ) ગૌડાનું યુધ્ધ (બ) ચૌસાનું યુધ્ધ (ક) કનોજ યુધ્ધ (ડ) તેલિયા ગઢ
(૧૦) પ્રથમ પેશવા પદ મેળવનાર કોણ હતો?
(અ) ધનાજી જાદવ (બ) રાઘોબા
(ક) ગોવિંદ મોરે (ડ) બાલાજી વિશ્વનાથ
(૧૧) અંગ્રેજો વિરૂધ્ધ 'રાજાઓનો અખિલ ભારતીય સંઘ' કોણે ઊભો કર્યો હતો?
(અ) નાના ફડનવીસ (બ) હૈદર અલી (ક) નિઝામ (ડ) પૂના કરાર
(૧૨) 'વિધવા-વિવાહ' ના પ્રશ્ને કયાં સમાજ સુધારકે ઉત્તેજન આપ્યું?
(અ) રાજારામ મોહનરાય (બ) વામ બોધિની
(ક) તત્ત્વ કૌમુદી (ડ) સંવાદ કૌમુદી
(૧૩) ડાકપ્રથા અને હુલિયાપ્રથા કોણે શરૂ કરી?
(અ) શેરશાહ (બ) હુમાયુ (ક) અકબર (ડ) ઔરંગઝેબ
(૧૪) અશોકે પોતાનાભાઇ મહેન્દ્ર અને બહેન સંઘમિત્રાને ધર્મ પ્રચાર માટે કયા દેશમાં મોકલ્યા હતા?
(અ) જાવા (બ) સિરિયા (ક) ચીન (ડ) સિલોન
(૧૫) વારામિહિર, આર્યભટ્ટ, વાગ્ભટ્ટ અને બ્રહ્મગુપ્ત કયા યુગમાં થઇ ગયા?
(અ) મૌર્ય યુગ (બ) નાગવંશ
(ક) વાકાટક વંશ (ડ) ગુપ્તવંશમાં

● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ

નામ, ક્ષેત્ર અને વિશેષ નોંધ

- જગદીશ ભગવતી **(અર્થકારણ)** : અર્થશાસ્ત્રના વિખ્યાત પ્રોફેસર
- જગતન મહેતા **(છબિકલા)** : કુશળ છબીકાર
- જમશેદજી જીજીભાઇ **(વેપાર)** : દાનવીર વેપારી
- જમશેજદી તાતા **(ઉદ્યોગ)** : ઉદ્યોગપતિ
- જયકૃષ્ણ ઇંદ્રજી **(વિજ્ઞાન)** : વનસ્પતિશાસ્ત્રી
- જયશંકર 'સુંદરી' **(નાટ્યકલા)** : વિખ્યાત અભિનેતા
- જયંતિ દલાલ **(સાહિત્ય)** : સામાજિક કાર્યકર અને સાહિત્યકાર
- જશવંતરાય અંજારિયા **(અર્થકારણ)** : રિઝર્વ બેન્કનાં પૂર્વ ગવર્નર
- જશવંત ઠાકર **(નાટ્યકલા)** : વિખ્યાત અભિનેતા અને દિગ્દર્શક
- ડૉ. જીવરાજ મહેતા **(રાજકારણ અને તબીબી સેવા)** : ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી
- જુગતરામ દવે **(શિક્ષણ)** : આદિવાસી સમાજસેવા, આજીવન શિક્ષક
- ડૉ. જેસીંગ પી. મોદી **(તબીબી વિજ્ઞાન)** : સમાજસેવી ડોકટર
- જેહાન દારૂવાલા **(પત્રકારત્વ)** : 'મુંબઇ સમાચાર'ના પૂર્વતંત્રી
- ઝવેરચંદ્ર મેઘાણી **(લોકસાહિત્ય)** : 'રાષ્ટ્રીય શાયર' લોક સાહિત્યના સંગ્રાહક
- ઝંડુ ભટ્ટજી **(આયુર્વેદ)** : આયુર્વેદના સમર્થક પ્રચારક
- ઝુબીન મહેતા **(સંગીત)** : પાશ્ચ સંગીતના વૃંદવાદન - નિષ્ણાંત

ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - 'ઓઝોન વાયુ પડ જાળવણી' અંતર્ગત આંતરરાષ્ટ્રીય કક્ષાએ કયા કરાર થયા છે?
જવાબ - મોન્ટ્રીયલ કરાર

સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) પટેલ આકાશ. જી : સે-૨૩
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૪) ઋજિત એ. પટેલ : સે-૨૯
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) હાર્દિક એચ. ભટ્ટ : સે-૨૩

પૂછું એક સવાલ...?

(૧) લમ્હા. મહેશભાઇ જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - તાજેતરમાં ભારતે અવકાશમાં મોકલેલ ઉપગ્રહોના ઉપલક્ષમાં કેટલામું મિશન હતું?
જવાબ - ૧૦૦ કાર્યક્રમો અવકાસ ક્ષેત્રનાં ભારતે પૂરાં કર્યાં.
(૨) ધાર્મિક શૈલેષભાઇ પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - નાસાએ તાજેતરમાં મંગળ પર કયુ યાન મોકલ્યું છે?
જવાબ - ક્યુરીયો સીટી

(અનુસંધાન પાના નં. ૬ પર)

કુછ તો લોગ કહેગે... લોગોં કા કામ હૈ કહેના

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

ફરી એક વખત વિવાદોનું તોફાન રાજકારણનાં દરિયા પર ચડ્યું અને વાદળોનાં ગડગડાટથી સમગ્ર દેશમાં ચર્ચાનાં એક જૂના મુદ્દાનો નવો આરંભ થયો. અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે વિચાર વિમર્શ કરવાનો મોકો ફરી પાછો ઊભો થયો. અસીમ ત્રિવેદી નામનો એક યુવક અને તેના વિવાદાસ્પદ કાર્ટૂન કેન્દ્રમાં છે, સમયનાં કાળખંડે દોરાયેલી કેટલીક રેખાઓએ રાષ્ટ્રદ્રોહની નવી સંકલ્પના પેદા કરવાનો ઇતિહાસ રચી નાખ્યો. આ કાર્ટૂનો આજે દેશ સામે જોઇને હસી રહ્યાં છે ને કેટલાંક પ્રશ્નો પૂછી રહ્યાં છે; જેના જવાબો કદાચ દરેક ભારતીયની સામે તેની માનસિકતાનું અલગ જ ચિત્ર (કે કાર્ટૂન!!) સ્પષ્ટ કરશે.

અભિવ્યક્તિની સ્વતંત્રતા એકદમ સલ્ફ્યુરીક ફ્રીડમ છે, બિચારી દરેક યુગની સરકાર એનાથી બહુ ડરે છે. સોક્રેટીસ, કોપરનિક્સ કે ગેલિલિયો પણ આનાં જ ભોગ બનેલાં અને ન્યૂટન પણ બિચારો ડરતાં - ડરતાં ગુરૂત્વાકર્ષણનો સિધ્ધાંત રજૂ કરે છે... એ જમાનામાં વિજ્ઞાનની અભિવ્યક્તિ એ ધર્મની સત્તાને થથરાવી મૂકતીને પછી તો વિજ્ઞાન યુરોપમાંથી ધર્મનાં અંધકારને દૂર કરી એક નવા જ યુગનું પુન:જાગરણ કરે છે. દુનિયાની ઘણી ખરી ભયભીત સરકારોએ વત્તાઓછા પ્રમાણમાં એવા કાયદા બનાવ્યા જ છે, જ્યાં મર્યાદાનાં નામે કે બીજા કોઇ નામે અભિવ્યક્તિની સ્વતંત્રતાની લિમિટ નક્કી કરી શકાય, પરંતુ કાર્ટૂનો અને કાર્ટૂનિસ્ટો પર જે રીતે સરકાર પ્રેમ વરસાવી રહી છે શું તે એક અપરીપક્વ કે અર્ધપરીપક્વ માનસિકતાનું દર્શન છે? શું રાજકીય સહનશક્તિનું અંતિમ બિંદુ કાર્ટૂનનો કટાક્ષ છે? શું એક સિન્થેટીક વ્યાખ્યામાં જ રાજદ્રોહ પરિભાષિત કરી દેશપ્રેમની વાતો કરી શકાય?

ધ હિન્દુનાં તંત્રી પાને એક નાનો લેખ છપાય છે, જેનું શિર્ષક છે - રાજદ્રોહ? શું મજાક કરો છો? (સેડીશન? સિરિયસલી, ધ હિન્દુ, ૧૧.૯.૨૦૧૨, પાનું - ૮) આ લેખની અંદર જ વાણી સ્વાતંત્ર્યનાં મુદ્દા પર ૧૯૫૧ની સંસદીય ચર્ચાનો સંદર્ભ આપતાં જવાહરલાલ નહેરૂએ ઇન્ડિયન પીનલ કોડ નં. સેકશન ૧૨૪-એ (રાજદ્રોહ) પર પુન: વિચાર કરવાની સલાહ આપી છે. રાજદ્રોહની વાત નીકળી છે એટલે ટીવી કે અખબારોની તમામ ચર્ચાઓમાં મહાત્મા ગાંધી, બાબ ગંગાધર તિલક કે વીર સાવરકરને અચૂક યાદ કરવામાં આવે છે; પણ એ સમય જુદો હતો, સરકાર જુદી હતી અને સ્થિતિ જુદી હતી. પણ આ સમયે સાહિત્યના રસિકોને બે વ્યક્તિનાં કિસ્સા જરૂર યાદ આવશે. એક તેજાબી શયાદત બસન મંટો અને બીજા આપણા ફાયર બ્રાન્ડ ચંદ્રકાન્ત બક્ષી... બંને ઉપર અશ્લીલતાનો આરોપ લાગ્યો હતો અને અભિવ્યક્તિનાં સ્વાતંત્ર્યનાં દુરૂપયોગનો પણ. પરંતુ અશ્લીલતાનો માપદંડ શું? એનું તાપમાન કયા થર્મોમીટર વડે માપવાનું? પ્રજાની પરિપક્વતા માપવાનો પણ કોઇ એકમ હોઇ શકે ખરો? આ કેસમાં મુદ્દો રાજદ્રોહનાં આરોપનો છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પણ...!! શું કાયદા કે બંધારણનું મનગમતું અને સગવડતા ભર્યું અર્થઘટન કરી આવાં પગલાં ભરી શકાય ખરા? ફક્ત કાર્ટૂન દોરતાં કે ચિત્રો દોરતાં કે લેખો લખતા કલાકારોનાં ગળામાં જ આ ફાંસીનો ફંડો કેમ ભરાવવામાં આવે છે? લગભગ ખુલ્લેઆમ બેઇમાની કરતો રાજનેતા એ રાષ્ટ્રદ્રોહી ન ગણી શકાય? સંપ્રદાય અને ધર્મનાં નામે લોકોને ભડકાવવા એ રાજદ્રોહ નથી? સંસદની ગરિમા ભંગ કરી પ્રજાનાં પૈસાનું પાણી કરનારાં કેટલાંક સાંસદો રાજદ્રોહી ન ગણી શકાય? પણ કદાચ ભારત કે દુનિયાની તમામ સરકારો માટે આવી વ્યાખ્યાઓમાં રાજકારણીઓને ફીટ કરવા પોષાય એમ નથી.

છેલ્લા કેટલાંક સમયથી જે રીતે અભિવ્યક્તિની મશાલ સળગાવીને ફરતાં મશાલચીઓની મશાલો પર જે ઠંડુ પાણી રેડવામાં આવ્યું છે, તે ક્યાંકને ક્યાંક સરકારની ભીંતર પેદા થયેલો ડર પણ બતાવે છે, અસીમ ત્રિવેદીનાં સમર્થનમાં સુપ્રીમ કોર્ટનાં પૂર્વ જસ્ટિસ અને આખાબોલા એવા પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનાં ચેરમેન માર્કેન્ડેય કાટ્જૂ કહે છે કે તેણે (અસીમે) કહેવું હતું તો કહી દીધું, એમાં શું થઇ ગયું? કોઇને દેશનાં પ્રતીકો ગમે તો સારું ના ગમે તો પણ ઠીક છે. વાત સાચી છે, દેશ કે ધર્મનાં પ્રતીકો સાથે સમ્માન અને અપમાનની લાગણીઓને ખૂબ જડતાથી જોડવી ન જ જોઇએ, શું આપણે દેશપ્રેમ કે રાષ્ટ્રભક્તિના આડંબર તરીકે જ અશોક ચક્ર, ત્રિરંગો કે રાષ્ટ્રીય ચિહ્નનો આદર કરીએ છીએ? શું ટપકતો નળ બંધ કરવો કે નિયમિત રક્તદાન કરવું એ દેશપ્રેમ ન ગણી શકાય? કે પછી આ તમામ વાતોને કાયદામાં સ્થાન આપીને કાયદેસર કરવી પડશે? કે જેથી દેશપ્રેમ વ્યાખ્યાયિત થઇ શકે!?

ખેર, આ સરકારી પગલાંઓ જ દેશની સ્થિતિ વિશે ઘણું કહી જાય છે, પણ સ્વાતંત્ર્ય પર થતાં વધુને વધુ પ્રહારો અભિવ્યક્તિને સ્પષ્ટ કરી રહ્યાં છે. છતાં પણ આઝાદ ભારતની હવામાં વિખેરાઇ ચૂકેલો એક પ્રશ્ન સ્વતંત્રતા એ ખરેખર સ્વતંત્રતા છે કે પછી એક પ્રકારની સ્વતંત્રતાની અભિવ્યક્તિ માત્ર?

- ch9723367947@yahoo.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૪મી સપ્ટેમ્બર

● અનેક ગ્રંથો આપનારા શ્રી દાન્તે એલીરીની પુણ્યતિથિ ૧૪-૯-૧૯૯૨.

'ડિવાઇન કોમેડી,', 'વીટાનોવા,', 'ઇમ્ફર્ની,' 'પેરડીઝો''ઇ મોનાર્કીયા' વિશ્વ સાહિત્યમાં અમર ગ્રંથો આપનારા દાન્તેએ ઇટાલીયન ભાષાનું ગજુ કાઢયું.

● ચેતાતંત્ર + પાચનતંત્રનો સંબંધ સ્પષ્ટ કરનારા, આપમેળે



થતી પ્રતિક્રિયાઓ ઉપર સંશોધન કરનારા રશિયન વિજ્ઞાની ઇવાન પેનલોવનું આધુનિક મનોવિજ્ઞાન, માનસિક વિકારનું નિદાન ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન છે. તેમને નોબેલ પુરસ્કાર - ૧૯૦૪ એનાયત થયો હતો.

● ૧૯૩૪ - મુંબઇ - કલકત્તા વચ્ચે ટેલિફોનની શરૂઆત થઇ.

● ૧૯૪૯ - હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવાનો લોકસભાનો નિર્ણય. આજનો દિવસ 'હિન્દી દિન' તરીકે ઉજવાય છે. તા. ૧૪/૯ થી એક અઠવાડિયા સુધી રાષ્ટ્રીય હિન્દી સપ્તાહ ઉજવાશે.

● ૧૯૭૨ - પ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર અને વિપુલ સાહિત્ય સર્જક તારાશંકર બંદોપાધ્યાયનું કલકત્તા ખાતે અવસાન.

● ૧૯૫૪ - ભારત સરકારે બેન્ક ટ્રેનિંગ કોલેજ શરૂ કરી.